

અરવલ્લી જીલ્લાના ભિલોડા પાસેના હાથમતી જલાગાર અને ઈન્દ્રાસી જલાગારની વચ્ચે આવેલ સ્વયંભુ શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદીર, જુના ભવનાથ અને શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદીર, નવા ભવનાથ સહિત વિવિધ શિવમંદીરોમાં પવિત્ર પાવન શ્રાવણ માસના બીજા સોમવારે ભાવિક ભક્તોના દર્શનાર્થે ઘોડાપુર ઉમટ્યા હતા. શિવાલયોમાં વહેલી સવારથી ભાવિક ભકતો દર્શનાર્થે ઉમટ્યા હતા. શિવાલયોમાં ઠેર-ઠેર ભાવિક ભક્તોની લાંબી-લાંબી કતારો લાગી હતી. **(તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા)**

## કાટવાડ ગામે એટીએમ મશીન તોડવાનો પ્રયાસ

પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ કાટવાડ પાટીયા પાસે રાત્રીના સમયે તસ્કરો એટીએમ મશીન તોડી ચોરી કરવામાં નિષ્ફળ રહ્યા હતા. પ્રાંતિજના કાટવાડ પાટીયા પાસે આવેલ સ્ટેટ બેંકનું એટીએમ મશીન કે જે રાત્રીના સમયે બંધ કરી દેવામાં આવે છે અને શટલને તાળા મારવામાં આવે છે પણ ગઈ રાત્રીના અજાણ્યા તસ્કરો દ્વારા શટલના તાળા તોડી અંદર પ્રવેશ કરી એટીએમ મશીન તોડવાનો પ્રયત્ન કર્યો હતો પણ તેમાં નિષ્ફળ રહ્યા હતા અને ખાલી હાથે પરત ફર્યા હતા. પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના હિંમતનગરના દિલિપકુમાર બાબુલાલ દરજી દ્વારા ફરિયાદ કરાતાં પ્રાંતિજ પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# તલોદ નગરપાલિકામાં બળવો, ભાજપના પ્રમુખ અને કોંગ્રેસના ઉપપ્રમુખ ચૂંટાયા

## મેન્ડેડનો વિરોધ કરી ભાજપના છ સભ્યોએ કોંગ્રેસનો હાથ પકડ્યો, ઘટના ટોક ઓફ ધ ટાઉન બની

તલોદ, તા. ૨૪

તલોદ નગરપાલિકાની ભાજપ સંચાલિત સત્તાની પ્રથમ ટર્મ અઢી વર્ષે પુર્ણ થતાં બિજી ટર્ન માટેના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી સોમવારે યોજાઈ હતી. જેમાં ભાજપ પક્ષ દ્વારા અપાયેલા મેન્ડેડનો ભાજપના જ છ સભ્યોએ વિરોધ કર્યો હતો. કોંગ્રેસનો સાથ મેળવી બળવો કરનાર સભ્યોએ સત્તા હસ્તગત કરી લીધી હતી. જેમાં પ્રમુખ તરીકે ભાજપના સભ્ય તથા ઉપપ્રમુખ તરીકે કોંગ્રેસના સભ્યને ચુંટી કઢાયેલા હતા. ઉપસ્થિત થયેલી પરિસ્થિતિની ચર્ચાઓ શહેરમાં




વાયુવેગે થવા પામી છે. જેમાં રાજકીય રમતો વચ્ચે વિકાસને અસર થશે તેવી ચિંતાઓ વધી ગઈ છે.

તલોદમાં ભાજપ શાસિત નગરપાલિકાની પ્રથમ અઢી વર્ષની ટર્મ પૂરી થઈ ગઈ છે. પુર્ણ બહુમતી સાથે સત્તા આરૂઢ થયેલા ભાજપે બિજી ટર્મ માટે પક્ષનો મેન્ડેડ લઈ કિસાન મોરચાના પ્રમુખ અને ઈડર માર્કેટયાર્ડના ચેરમેન હિતેન્દ્રભાઈ ડી. પટેલ સોમવારના રોજ તલોદ પાલિકામાં આવી પહોંચ્યા હતા. અને ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. પક્ષ દ્વારા પ્રમુખ માટે ફાલ્ગુનીબેન આર. ઠક્કર તથા ઉપપ્રમુખ માટે સુનીલભાઈ એમ. શાહનો મેન્ડેડ રજુ કરાયો હતો. પરંતુ ભાજપના સભ્યો પૈકી છ સભ્યોએ આ મેન્ડેડનો વિરોધ કર્યો હતો. અને કોંગ્રેસનો હાથ મેળવી વોડ નં. ૫ના ભાજપ સભ્ય રંજનબેન દામોદરભાઈ પટેલને પ્રમુખ તરીકે અને કોંગ્રેસના ખોડાભાઈ મેલાભાઈ દેસાઈને બહુમતીના આધારે ચૂંટી કાઢ્યા હતા.

**(દશરથ વણઝારા, તલોદ)**

# મોડાસા બસ ડેપોમાં બસચાલકની બેદરકારીએ માસૂમ વિદ્યાર્થીનો ભોગ લીધો

## વિદ્યાર્થી પર ટાયર ફરી વળતા ઘટના સ્થળ પર જ મોત

મોડાસા, તા.૨૪

છેલ્લા કેટલાય સમય થી મોડાસા એસ.ટી ડેપો ચર્ચા નો વિષય બન્યો છે તેમાં ગંદકી નો મુદ્દો હોય કે પછી ડેપો માં ડ્રાઈવર રરેસ્ટ રૂમ મમાં થી બીયર ની બોટલો મળી આવવા નનો વીરય પરંતુ કોઈ ને કોઈ બાબતે મોડાસા એસ.ટી ડેપો ચર્ચા ના ચગડોળે જોવા મળ્યો છે.



આજે શ્રાવણીયો સોમવાર હોઈ સવારની શાળાઓ હોઈ સવારે ૧૧ વાગ્યા શાળા છુટયા બાદ મોડાસા તાલુકાના દરીયાપુર ગામનો વિદ્યાર્થી પ્રદીપકુમાર બામણીયા ઘરે જવા માટે મોડાસા ડેપોની મોટી મોયડી બસમાં ચડવા જતો હતો. પરંતુ બસના ડ્રાઈવરે જાણે કે લંકા લુટાઈ જવાની હોય અને ઉતાવળ હોય તેમ વિદ્યાર્થી ચડે તે પહેલા જ બસ ઉપાડી દેતા ચઢતા ચઢતા વિદ્યાર્થી બસમાંથી પટકાઈ ગયો હતો અને બસનુ ટાયર વિદ્યાર્થી પર ચડી જતા વિદ્યાર્થીનુ ઘટના સ્થળ ઉપર જ મોત નીપજયુ હતુ. જયારે અન્ય બે વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. જયારે આ મૃત્યુ પામેલો વિદ્યાર્થી પ્રદીપ બામણીયા મોડાસાની સર્વોદય હાઈસ્કુલમાં ધો ૯માં અભ્યાસ કરતો હતો. મુળ ધનસુરા તાલુકાનો વતની આ વિદ્યાર્થી પોતાના મામાને ત્યાં રહી અભ્યાસ કરતો હતો પરંતુ તેને કયાં ખબર હતી કે કાળ ભરખી જશે. ત્યારે આજે બસમાં ચડતી વખતે ડ્રાઈવરની ગફલતના કારણે નીચે પટકાતા બસનુ ટાયર ફરી વળ્યુ હતુ જેને લઈને ઘટના સ્થળ પર જ કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હતુ. જાણ થતાં ટાઉન પોલીસ અને શાળાના આચાર્ય ઘટના સ્થળ પર પહોચી ગયા હતા અને અકસ્માતે ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી હતી. જયારે સમગ્ર ઘટનાને લઈને વિદ્યાર્થી આલમમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા હતા. **(તસવીર : સમીર બલોચ, મોડાસા)**

# વાંકાનેર ગામે ઠેર-ઠેર ગંદકીનું સામ્રાજ્ય : પ્રજાજનો ત્રાહિમામ

ભિલોડા, તા.૨૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં ઠેર-ઠેર અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય ફેલાતા પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વાંકાનેર ગામના ઠાકોર સમાજના ફેલાવાની દહેશત સેવાઈ રહી છે. વાંકાનેર ગામના દેવદર વિસ્તાર સહિત વિવિધ વિસ્તારોમાંથી સત્વરે ગંદકી હટાવવા પ્રજાજનોની પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

વાંકાનેર ગામના જાગૃત બંધ રહેતાં રાત્રે અંધારપટ જેવો માહોલ સર્જાય છે. વાંકાનેર ગ્રૂપ ગ્રામ પંચાયત મતવિસ્તારમાં પીવાના પાણીનો પ્રશ્ન સત્વરે હલ કરવા પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે. ભિલોડા તાલુકાના વહીવટી તંત્રના



અગ્રણી નારાયણભાઈ વાઘેલા, ચંદુભાઈ ભગોરા સહિત જાગૃત ગ્રામજનોના જણાવ્યા મુજબ વાંકાનેર ગામના દેવદર વિસ્તાર સહિત વિવિધ વિસ્તારોમાં ઠેર-ઠેર અસહ્ય ગંદકીનું પ્રમાણ દિન-પ્રતિ-દિન વધતા માખી, મચ્છરો અને જીવાતનું પ્રમાણ વધતાં રોગચાળો પ્રજાજનોએ વાંકાનેર ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ અને તલાટી ક્રમ મંત્રીને વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરવા છતાં ગંદકી નહી હટાવતાં પ્રજાજનોમાં ભારે રોષ ભભુકી ઉઠ્યો છે.

વાંકાનેર ગ્રૂપ ગ્રામ પંચાયત મતવિસ્તારમાં ઠેર-ઠેર સ્ટ્રીટ લાઈટો અધિકારીઓ ધ્વારા સત્વરે વાંકાનેર ગામની પાયાની જરૂરીયાતવાળી સમસ્યાઓ સત્વરે હલ નહી કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે જાગૃત પ્રજાજનો અને ગ્રામજનો ધ્વારા લડત આપવામાં આવશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

**(તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા)**

# તલોદમાં સંથારા અંગેના નિર્ણયના વિરોધમાં જૈન સમાજ દ્વારા મૌન રેલી

તલોદ, તા. ૨૪

રાજસ્થાન હાઈકોર્ટ દ્વારા અપાયેલ એક ચુકાદમાં જૈન ધર્મના સંલેખના (સંથારા)ને આત્મહત્યામાં સમાવી લઈ ધારા નં. ૩૦૯ને લાગુ કરવા જણાવાયું છે. જેના સમસ્ત જૈન સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે અને આ નિર્ણયનો વિરોધ કરવા તલોદમાં જૈન શ્વેતાંબર તથા દિગંબર સમાજના લોકોએ મૌન રેલી કાઢી હતી. આ રેલી સોમવાર સવારે આદીનાથ મંદિરથી નીકળીને મામલતદાર ઓફીસ પગોંચી હતી. જ્યાં મામલતદારને આવેદનપત્ર સોપાયું હતું. શ્રી૧૦૮ પુણ્યનંદજી મુનીરાજના સાનિધ્યમાં જૈન




સમાજે આ નિર્ણયને કઠોરા આઘાત ગણાવ્યો હતો અને જૈન ધર્મમાં સંથારાને મહામૃત્યુ મહોત્સવ કહેવામાં આવે છે તેવું જણાવી સવારે ૯ થી ૧૨ દરમ્યાન તલોદના જૈન સમાજે પોતાના ધંધા-રોજગાર બંધ રાખ્યા હતા. **(તસવીર : દશરથ વણઝારા, તલોદ)**

## સુલતાનપુરામાં મધ્યાહ્ન ભોજન માટેના ગેસનો સગડો અને બોટલ ચોરાયા

તલોદ, તા. ૨૪

તલોદ તાલુકાના સુલ્તાનપુરા ગામમાં આવેલ પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન વિભાગમાંથી ગેસનો સગડો અને બોટલ કોઈ ચોર ઈસમો રૂમનું તાળુ તોડીને ચોરી કરી ગયા હોવાની ફરીયાદ પોલીસમાં કરાઈ છે.

સુલતાનપુરા પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજનના રૂમોના શનિવારના રોજ સવારે તાળા તુટેલા આચાર્ય ધવલસિંહ ર્કિતનસિંહ ઝાલાએ ફરજ ઉપર આવતા જોયા હતા. જેથી સંચાલિકા રમીલાબેન પટેલને બોલાવી રૂમમાં તપાસ કરતા સરકાર દ્વારા આપવામાં આવેલ ગેસનો સગડો તથા બોટલ ચોરી થઈ હોવાનું જણાયું હતું. જેથી આ અંગેની જાણ તલોદ મામલતદારને ટેલીફોનથી કરી દીધી હતી. બાદમાં સોમવારના રોજ સવારે તલોદ પોલીસમાં ચોરી અંગેની ફરીયાદ શાળાના આચાર્યએ કરી છે.

# પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખપદે નિરવ પરીખ

## કેટલાય દિવસથી ચાલતી નવા પ્રમુખની ચર્ચાઓનો અંત આવ્યો

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના સહિત નગરપાલિકાઓમાં પ્રમુખની અઢીવર્ષની ટર્મ પૂર્ણ થતાં પ્રાંતિજ ખાતે પણ નવા પ્રમુખના નામને લઈ છેલ્લા કેટલાય દિવસોથી પ્રાંતિજના સ્થાનિક રાજકારણમાં ગરમાવો જોવા મલ્યો હતો. પણ ૨૪મી બાદ પાર્ટી દ્વારા નિરવભાઈ પરીખની પ્રમુખ તરીકે નિમણુંક કરતા કહી ખુશી કહી ગમ બાદ પાલિકા પ્રમુખની નિમણુંકનો અંત આવ્યો છે.

પ્રાંતિજ નગરપાલિકામાં છેલ્લા કેટલાય દિવસથી નવા પ્રમુખને લઈ ચાલી રહેલ ભાગદોડનો તા. ૨૪મી સોમવારના રોજ અંત આવ્યો હતો. જ્યારે બપોરના અઢી વાગ્યે પ્રમુખના નામની જાહેરાત પહેલા પાર્ટી દ્વારા નગરપાલિકાના સભ્યોની વ્હીપ લેવામાં આવી હતી. ત્યારે જિલ્લા ભાજપ પ્રમુખ અને પ્રાંતિજના પ્રભારી ભરતભાઈ પટેલ તથા જિલ્લામંત્રી ગજેન્દ્રસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા અને ત્યારબાદ



પાર્ટી દ્વારા નગરપાલિકાના પ્રમુખ તરીકે નિરવભાઈ શરદભાઈ પરીખ તથા ઉપપ્રમુખ પદે પંકજભાઈ સોમાભાઈ મોદીનું નામ જાહેર કરતાં સર્વાનુમતે સદસ્યો દ્વારા વધાવી લેવામાં આવ્યા હતા.

જ્યારે પ્રાંતિજ પ્રાંત અધિકારી એ.આર. ચૌધરી દ્વારા પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી અંગે જાહેરાત કરતાં અન્ય કોઈ નામ જાહેર ના થતાં પ્રાંત અધિકારી દ્વારા પ્રમુખ તરીકે નિરવભાઈ પરીખને તથા ઉપપ્રમુખ પદે પંકજભાઈ મોદીનું નામ જાહેર કર્યુ હતું.

**(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)**

# મોડાસાના સરડોઈ ગામે પારાનું શિવલીંગ શ્રદ્ધાનું કેન્દ્ર

## શ્રાવણ માસમાં શિવભક્તો ૧૩ કિલો પારાના શિવલીંગના દર્શને ઉમટી પડે છે

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સરડોઈ ગામમાં એક શિવભક્ત દ્વારા તૈયાર કરાયેલા ૧૩ કિલો પારાનું શિવલીંગના શ્રાવણ માસમાં શિવભક્તો દર્શનાર્થે ઉમટી પડે છે. સરડોઈ પંથક અને આજુબાજુના ગામડાઓના શિવભક્તો શ્રાવણ મહિનામાં આવતા શ્રાવણિયા સોમવારના દિવસે પારાના શિવલીંગના દર્શન કરવા મોટી સંખ્યામાં ઉમટી પડે છે. પારાનું શિવલીંગ ભક્તજનોમાં શ્રદ્ધાનું કેન્દ્ર બની રહ્યું છે.

મોડાસા તાલુકાના સરડોઈ ગામના નિવૃત્ત પોલીસ અધિકારી ગુણવંતગીરી ગોસ્વામીના નિવાસસ્થાને સ્થાપિત કરાયેલા પારાનું શિવલીંગ સમગ્ર પંથક અને અરવલ્લી-સાબરકાંઠાના શિવભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર બનતાં શ્રાવણ માસ દરમિયાન દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. શિવભક્ત ગુણવંતગીરીના જણાવ્યા અનુસાર પારાનું આ શિવલીંગ ૨૦૦૪માં શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે એક સાધુ મહારાજે આપેલું છે. ગુજરાતમાં



અતિદુર્લભ અને ભાગ્યેજ જોવા મળતા પારાના શિવલીંગમાં સરડોઈ ગામે પારાનું શિવલીંગનું નિર્માણ કરાતા સરડોઈ પંથકના શિવભક્તોમાં આકર્ષણ અને શ્રદ્ધાનું કેન્દ્ર બન્યું છે. પારાના શિવલીંગના નિર્માણ માટે પારો અને શુદ્ધ વનસ્પતિઓના મિશ્રણ કરી વેદાક્ત મંત્રોચ્ચાર કરાય છે. શિવભક્તિમાં લીન ગુણવંતગીરીએ પોતાના ગુરૂમહારાજ અભિરામદાસ ત્યાગી (ખાકીબાવા) હનુમાન ગુફા બદ્રીનાથ વાળાના નામ પરથી પોતાના નિવાસસ્થાને અભિરામેશ્વર મહાદેવની સ્થાપના કરી હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત દર વર્ષે શ્રાવણમાસમાં પોલીસ અધિકારી દ્વારા પારાનો અભિષેક કરવામાં આવે છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

# ધાનેરામાં પૂરપીડીતો સાથે ન્યાયની માંગ સાથે કોંગ્રેસે સભા-રેલી યોજી : આવેદનપત્ર આપ્યું

ડીસા, તા. ૨૪

બનાસકાંઠાના ધાનેરા વિસ્તારમાં તાજેતરની અતિવૃષ્ટિમાં સાચા પૂરગ્રસ્તોને સહાય ન ચુકવતા કોંગ્રેસ દ્વારા આજે સરકાર વિરૂદ્ધ જાહેર સભા રાખવામાં આવી હતી અને સરકારની નીતિઓની ઝાટકણી કાઢવામાં આવી હતી અને તે બાદ આ જાહેરસભામાં આવેલા લોકો વિશાળ રેલીના સ્વરૂપે ધાનેરા પ્રાંત અને મામલતદાર સમક્ષ પહોંચ્યા હતા. જ્યાં તેમને વિગતે આવેદનપત્ર પાઠવ્યું હતું. આ વિશાળ રેલીમાં ધાનેરા ધારાસભ્ય તેમજ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સહીત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

બનાસકાંઠામાં તાજેતરમાં થયેલ મેઘકહેરમાં અસરગ્રસ્ત એવા ધાનેરા તાલુકામાં હજારો લોકો બેઘર બન્યા હતા તો વળી, હજારો દુદાળા પાલતું પશુઓ પણ મોતને ભેટ્યા હતા. જ્યારે ખેતીલાયક લાખો હેક્ટર જમીન ધોવાઈ જતા અને તેમાં રેતીના અનેકો ફૂટના ઢગલા થતા આ જમીન બિન ઉપજાઉ બની હતી. જેથી ખેડૂતો પણ કંગાળ બની જવા પામ્યા હતા. જોકે સરકારે મદદ અને રોકડ સહાયની મોટી મોટી વાતો અને જાહેરાત કરી છે ત્યારે ધાનેરા વિસ્તારના સાચા પુરગ્રસ્તો સુધી હજુ સહાય ન પહોંચતા ધાનેરાના



ધારાસભ્ય સહીત કોંગ્રેસના આગેવાનોએ સરકારની ખેડૂત વિરોધી આ નીતિનો મોટા ઉપાડે વિરોધ કર્યો હતો અને સાચા પુરગ્રસ્તોને સહાય આપવાની માંગણી કરી હતી. જે બાદ જાહેર સભા સંબોધ્યા બાદ કોંગ્રેસના આગેવાનો અને પીડિત પુર અસરગ્રસ્તો સહીત મોટી સંખ્યામાં એકઠા થયેલા લોકોની વિશાળ રેલી ધાનેરાના જાહેર માર્ગોપર નીકળી હતી અને આ રેલી ધાનેરાના લાલચોકથી મામલતદાર કચેરી સુધી ભાજપ હાય હાયનો સૂત્રોચાર સાથે સાથે મામલતદાર કચેરીએ પહોંચી હતી. જ્યાં આગેવાનો અને પીડિતોએ ધાનેરા પ્રાંત ઓફિસર અને મામલતદારને આવેદન પત્ર આપી જણાવ્યું હતું કે સાચા પૂરગ્રસ્તોને તાત્કાલિક સહાય ચૂકવો અને જે ખેડૂતના પશુ પાણીમાં તણાઈ ગયા છે તેમને અને જેના ખેતરો ધોવાઈ ગયા છે તેવા લોકોને તાત્કાલિક સહાય ચૂકવો અને જો સરકાર દ્વારા સાચા પૂરગ્રસ્તોને સહાય ચુકવવામાં નહિ આવે તો અમારે ન છુટકે ઉગ્ર આંદોલન કરવું પડશે તેવું જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જાકીરભાઈ ચૌહાણે જણાવ્યું હતું.

**(કાંતિલાલ લોધા, ડીસા)**

## ધાનેરા પાસેથી દારૂ ભરેલી ગાડી સાથે આરોપી ઝડપી પાડ્યો

બનાસકાંઠા એલ.સી.બી. અને ધાનેરા પોલીસ સાથે મળી ભાગી છુટેલી ગાડીનો પીછો કરી તેમાંથી ૧.૬૯ લાખનો દારૂ સાથે આરોપીને ઝડપી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બાતમી મળતા ધાનેરા પોલીસે ધાનેરા રેલવે પુલ પાસે નાકાબંધી કરી હતી અને સામેથી આવતી ગાડી નં. આરજે-૩૯-જીએ-૧૧૩૬ને રોકવાની કોશિશ કરતા ગાડીના ચાલકે ગાડી ભગાડી મુકી હતી. પોલીસ સ્ટાફે આ ગાડીનો પીછો કરતાં પોલીસે ગાડી ધાનેરાના સામરવાડા ગામ પાસેથી ગાડી અને ગાડીનો ચાલક નકલસિંહ મહેરસિંહ રાજપુરોહિત બાવળિયા તા. સિવાના વાળાને ઝડપી ગાડીની પોલીસ દ્વારા તલાશી લેતા ગાડીમાંથી સિમેન્ટની થેલી નીચે સંતાડેલો ૬૬૪ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો.

## ત્રિલોકીનાથ વિષ્ણું મંદિરના ટ્રસ્ટી તરીકે ગુણવંતભાઈ ત્રિવેદીની નિમણૂક

ભિલોડા, તા.૨૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ



(બારીશી) સમાજ સંચાલિત શ્રી ત્રિલોકીનાથ વિષ્ણુંમંદીર ટ્રસ્ટ ચેરમેન પદે સર્વાનુમતે ગુણવંતભાઈ ભગવાનદાસ ત્રિવેદી, ભિલોડા નિમણુંક કરાતાં આનંદની લાગણી પ્રસરી છે.

# રામોસણા ગામે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ

મહેસાણા, તા.૨૪

મહેસાણા નજીકના રામોસણા ગામે સાંજના સમયે એક દુકાન આગળ ઉભા રહેવાના પ્રશ્ને બે જૂથો વચ્ચે અથડામણ સર્જાતા બંને પક્ષોના આઠ વ્યકિતઓને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી જે પૈકી બેની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળે છે. રામોસણ ગામના સરપંચ રામભાઈ બબલદાસ પટેલના ભાણેજ હિતેશભાઈ પટેલ સાંજના સમયે પોતાના પાર્લર પર હતા ત્યારે ગામની કેટલીક મહિલાઓ સામાન ખરીદવા આવી હોઈ દુકાન આગળ ઉભેલા કેટલાક ઠાકોર જ્ઞાતિના ઈસમોએ દુર ઉભા રહેવાનું કહ્યું હતું. આથી બંને વચ્ચે મામલો બિચકયો હતો અને જોત જોતામાં હથિયારો વડે હુમલા થયા હતા. આથી ભયનું વાતાવરણ સર્જાયું હતું. આ સમયે પથ્થર મારાના બનાવો પણ બન્યા હતા. જેના લીધે ગામમાં તંગદીલી પેદા થઈ હતી. આ હુમલામાં બંને પક્ષોના આઠ વ્યકિતઓને ઈજાઓ પહોંચી હતી જેમ બે વ્યકિતઓને ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે મહેસાણા હોસ્પિટલોમાં ખસેડાયા હતા.